# કામધેનુ યુનિવર્સિટી

અમારું ધ્યેય: સર્વ જીવોનું કલ્યાણ

**વંચાણમાં** ૧. કામધેનુ યુનિવર્સિટીનો તા. ૧૮/૦૪/૨૦૨૦ નો પરિપત્ર

૨. ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક જીજી/૨૦/૨૦૨૦/વી.૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨, તા. ૦૩/૦૫/૨૦૨૦

3. ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ડીઓ પત્રક્રમાંક D.O No. Z. 28015/19/2020-EMR

૪. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક કરન-૧૨૨૦૨૦-૧૭૦૪૨૦૨૦/ખ-૨, તા. ૦૪.૦૫.૨૦૨૦

## પરિપત્ર

આથી યુનિવર્સિટીના તમામ વિભાગીય વડા/કચેરીના વડાઓને જણાવવાનું કે, ગાંધીનગર મુખ્ય મથક ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ ઉપરોક્ત સંદર્ભ ૨ થી ૪ અન્વયે જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા/પરિપત્રો ધ્યાને રાખીને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ રેડ ઝોનમાં ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવેલ હોવાથી અમદાવાદ તથા ગાંધીનગર ટ્વીન સીટી ખાતે કોરોના સંક્રમણ (Covid-19)નો વ્યાપ વધતા કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી તકેદારીના ભાગરૂપે જાહેર હિતમાં  તા. ૦૪.૦૫.૨૦૨૦ થી બે અઠવાડિયા માટે અથવા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી વર્ક ફ્રોમ હોમ જરૂરીયાત મુજબ ફરજ બજાવવાની રહેશે. અને કરવામાં આવેલ કામગીરી અંગે યુનિવર્સિટી નિયમિત શરૂ થયે રજુ કરવાની રહેશે. જેની જરૂરીયાત મુજબ સમીક્ષા કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

**<u>નીચે દર્શાવેલ બાબતોને ધ્યાનમાં લેવાની રહેશે.</u>**

- દરેક અધિકારી/કર્મચારીએ ઓનલાઈન સંપર્કમાં રહેવાનું રહેશે, ટેકનોલોજીના માધ્યમથી પોતાના વિભાગના વડા સાથે જોડાઈ રહેવાનું રહેશે.
- દરેક અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ ફરજ પરનું મથક છોડવાનું રહેશે નહીં.
- આવશ્યક સંજોગોમાં જ્યારે યુનિવર્સિટીને કામગીરીના ભાગરૂપે ફરજ પર બોલાવવામાં આવે ત્યારે હાજર રહેવાનું રહેશે.

સદર પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે.

જા. નં. કાયુ/રજી/યુ-૧/કોરોના/૨૦૨૦
તા. ૦૪.૦૫.૨૦૨૦

કુલસચિવ
કામધેનુ યુનિવર્સિટી,
ગાંધીનગર

**<u>નકલ સવિનય રવાના:</u>**

૧. યુનિવર્સિટીના તમામ વિભાગીય વડા/કચેરીના વડાઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.
૨. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.